



# દિવસના ઉકળાટ બાદ સાંજે ગાજવીજ સાથે વરસાદી ઝાપટાથી ઠંડક પ્રસરી

શહેરમાં છેલ્લા બે દિવસથી અસહ્ય બફારા વચ્ચે સાંજના સમયે વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળે છે. આજે સાંજે આકાશમાં ઘેરાયેલા કાળા ડીબાંગ વાદળો ગાજવીજ સાથે વરસ્યા હતા. વરસાદી ઝાપટાના લીધે શહેરમાં ભીંજારાનો માહોલ છવાયો હતો. માર્ગો પર વરસાદી પાણીના ખાબોચિયા ભરાયા હતા. દિવસના ઉકળાટ બાદ વરસાદી ઝાપટાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. શહેરમાં દિવસની ગરમી અને ઉકળાટ બાદ આજે પણ ગઈકાલની જેમ અચાનક જ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. સાંજના સમયે આકાશમાં કાળા ડીબાંગ વાદળો અંગડાઈ લેતા નજરે પડયા હતા. વાદળિયા વાતાવરણ વચ્ચે અચાનક ગાજવીજ સાથે વરસાદી ઝાપટુ વરસ્યુ હતુ જેના લીધે શહેરમાં ભીની માટીની મહેંક સાથે ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો. વાતાવરણમાં દિવસ દરમિયાન ઉકળાટના લીધે ગરમીથી ત્રસ્ત શહેરીજનો રોજ ધોધમાર વરસાદ વરસે તેની આશ સેવી રહ્યા છે. જો કે છેલ્લા બે દિવસથી મેઘરાજા ડોકિયા કરીને અદ્રશ્ય થઈ જાય છે. આજે પણ સાંજે વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી ઝાપટુ વરસ્યુ હતુ જેના લીધે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. દિવસની અસહ્ય ગરમી અને બફારાથી ત્રસ્ત નગરજનો વરસાદી માહોલથી ખુશહાલ બન્યા હતા. શહેરના માર્ગો પર પાણીના ખાબોચિયા ભરાયા હતા જયારે સેકટરોની શેરીઓમાં પણ વરસાદી પાણીનો લીધે કાદવ કિચ્ચડ વચ્ચે ભીંજારો જોવા મળ્યો હતો. સાંજના સમયે વરસાદી ઝાપટાથી જનજીવન પણ પ્રભાવિત થયુ હતુ. જો કે વરસાદ ઝાપટુ વરસાવી અદ્રશ્ય થઈ ગયો હતો. વાદળિયા વાતાવરણ અને વિજળીના ચમકારા વચ્ચે સાથે સાંજના સમયે ઠંડા પવનના સુસવાટાથી નગરજનોએ દિવસની ગરમીનો થાક ઉતાર્યો હતો.

# ૨૧મીએ ગાંધીનગર આવતા કેન્દ્રિય ગૃહમંત્રી અમીત શાહ

**મનપાના વૃક્ષારોપણ કાર્યક્રમમાં વર્ચ્યુઅલ હાજરી આપશે : રૂપાલ અને કોલવડા ખાતે વેક્સિનેશન અભિયાનમાં રૂબરૂ હાજરી આપશે**

ગાંધીનગર, તા. ૧૬

આગામી ૨૧મી જુને કેન્દ્રના ગૃહમંત્રી અમીત શાહ ગાંધીનગરની મુલાકાતે આવી રહ્યા છે. વિશ્વ યોગ દિવસના દિવસે તેઓ મનપા આયોજિત સે. ૨૮માં વસંતકુંવરબા હાઈસ્કૂલ પાછળના ખુલ્લા મેદાનમાં વર્ચ્યુઅલ વૃક્ષારોપણના કાર્યક્રમમાં હાજરી આપશે.

બપોરે ૧૧ વાગ્યા પછી તેઓ તેમણે સાંસદ આદર્શ ગામ તરીકે પસંદ કરેલા રૂપાલ અને કોલવડા ખાતે વેકિસનેશનના કાર્યક્રમમાં પણ વિશેષ ઉપસ્થિત રહેનાર છે.

જિલ્લામાં પહેલો ડોઝ ૬.૨૧ લાખ લોકોએ લીધો છે જ્યારે બીજો ડોઝ ૧.૫૧ લાખ લોકોએ લીધો છે. વેક્સિનેશનની કામગીરી પ્રમાણમાં થોડીક ધીમી ગતિએ ચાલી રહી હોવાથી તેને વેગ આપવા અમીત શાહ ગ્રામ્ય વિસ્તારની મુલાકાતે જઈ રહ્યાનું જાણવા મળેલ છે.

રૂપાલ અને સરઢવમાં તેમજ આસપાસના ગામોમાં કોરોનાના કેસ પણ વધારે નોંધાયા હતા તેથી તેમની આ મુલાકાતનું વિશેષ મહત્વ છે. છેલ્લી મુલાકાત વખતે તેમણે કોલવડા આયુર્વેદ હોસ્પિટલમાં ઓક્સિજન પ્લાન્ટનું લોકાર્પણ કર્યુ હતુ તેમજ ગાંધીનગરમાં ૧૨૦૦ બેડની મહાત્મા મંદિરમાં કોવિડ હોસ્પિટલના નિર્માણની જાહેરાત કરી હતી.

અમીત શાહે આ પછી સીએસઆર ફંડમાંથી હમણાં ૪૦ જેટલા ઓક્સિજન કોન્સ્ટ્રેટર પણ ગાંધીનગરના (૭) અને કલોલ માટે મોકલ્યા હતા. આ ઉપરાંત એક અતિ આધુનિક ટેસ્ટીંગ વાન અને એમ્બ્યુલન્સ પણ ભેટ આપી છે જે નોંધનીય છે.

# મેલેરિયાની ટીમોએ શહેરમાંથી એક પખવાડિયામાં ૧૩૩૧ તાવના દર્દી શોધ્યા

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાં ૫૮ હજાર જેટલા ઘરોમાં ફરીને શહેરી મેલેરિયાતંત્રની ટીમોએ ૧૩૩૧ તાવના દર્દીઓ શોધી કાઢ્યા છે.

શહેરી મેલેરિયા તંત્ર દ્વારા મેલેરિયા વિરોધી માસની ઉજવણીના ભાગરૂપે શહેરમાં તા. ૧-૬-૨૧ થી ૧૫-૬-૨૧ના પખવાડિયા દરમ્યાન ૫૮૦૭૬ ઘરોની મુલાકાત લીધી હતી.

ટીમો દ્વારા આ ઘરોની મુલાકાત દરમ્યાન ૧,૩૧,૩૫૫ પાત્રોની ચકાસણી કરવામાં આવી હતી જેમાંથી ૯૯૯ ઘરોમાં મચ્છરોના પોરા જોવા મળ્યા હતા. આ ઘરોમાં એન્ટી લાર્વેલની કામગીરી ટીમો દ્વારા કરાઈ હતી.

મળતી વિગતો પ્રમાણે ૧૨૬૮ જેટલા પાત્રોમાં પોરા મળતાં કેમીકલ પદ્ધતિથી પોરાનો નાશ કરવામાં આવ્યો હતો.

જે તાવના કેસ મળ્યા હતા તેમના લોહીના નમુના મેલેરિયાની ચકાસણી માટે લેવાયા હતા જે તમામ નેગેટીવ આવ્યા હતા અને સાદો-સિઝનલ તાવ હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં મેલેરિયાના કેસો છુટા છવાયા મળવાના શરૂ થયા છે. પાણીના ખાબોચિયા ભરાયા બાદ તેમાં

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાની કચેરીઓમાં આઉટ સોર્સિંગના માણસોને નિયમિત અને પુરતો પગાર મળતો નથી

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાની વિવિધ સરકારી કચેરીઓમાં એચ.આર.ની કામગીરી સંભાળતી આઉટ સોર્સિંગ એજન્સીઓ દ્વારા સમયસર પગાર ન કરવા તેમજ પુરતો પગાર પણ નહિ આપવાની ફરિયાદો વ્યાપક બની છે.

જિલ્લાની વિવિધ કચેરીઓમાં સેવક, ડ્રાયવર, કલાર્ક, કોમ્પ્યુટર ઓપરેટર સહિતની વિવિધ જગ્યાઓ પર કામ કરી રહેલા આઉટ સોર્સિંગના કર્મચારીઓને દર મહિને નિયમિત પગાર થતો નહિ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.

આ કર્મચારીઓને તેમનો પગાર બેંક મારફતે પણ કરવામાં આવતો નથી એટલુ જ નહિ તેમના માટે પી.એફ. કાપવામાં આવતુ નથી કે તેની તેમને કોઈ પહોંચ અપાતી નથી. આ કર્મચારીઓને લઘુત્તમ વેતન કરતાં પણ ઓછુ વેતન કંપનીઓ દ્વારા ચુકવવામાં આવે છે અને બાકીની મલાઈ એજન્સીઓ લઈ જતી હોય છે.

તાલુકા કક્ષાએ તો ૩ માસથી પગાર નહિ થયાની ફરિયાદો મળી રહી છે. જો કે તંત્ર દ્વારા આ

● અનુસંધાન પાન-૭ પર

# કબ્રસ્તાન માટે નવી જગ્યા ફાળવવા માટે રજુઆત

**વોર્ડ નં -૨ ના નગરસેવક રોશનબેને શબવાહીની ઉપરાંત કોમ્યુનીટી હોલ માટે જગ્યા ફાળવવા મુખ્યમંત્રીને પત્ર લખ્યો**

ગાંધીનગર તા ૧૬

ચરેડી કબ્રસ્તાનમાં જમીન ખુટી જવાના લીધે મુસ્લિમ બિરાદરોએ કબ્રસ્તાન માટે નવી જગ્યા તેમજ સબ વાહીની ફાળવવા માટે મુખ્યમંત્રીનો રજુઆત કરી છે. આ મામલે વોર્ડ નં-૨ ના મ્યુનિસિપલ કાઉન્સિલરે મુસ્લિમ સમાજનો અનુલક્ષી વિવિધ પ્રશ્નો હલ કરવા માટે મુખ્યમંત્રીને પત્રના માધ્યમથી રજુઆત કરી છે. જેમાં મુસ્લિમ સમાજ માટે કોમ્યુનિટી હોલ બનાવવા પણ જગ્યા ફાળવવા જણાંવાયુ છે.

ગાંધીનગર કોર્પોરેશનના વોર્ડ નં -૨ ના મ્યુનિસિપલ કાઉન્સિલર રોશનબેન યુસુફભાઈ પરમારે આ અંગે મુખ્યમંત્રીને રજુઆતમાં જણાંવ્યા અનુસાર કોર્પોરેશન વિસ્તારમાં અંદાજિત અંદાજિત ૨૦ મુસ્લિમનો વસવાટ છે. જયારે સમય જતા મુસ્લિમ સમાજને નડતરરૂપ સમસ્યાઓ દુર કરવા માટે તેમજ જરૂરી સુવિધાઓ મળી રહે તે અનિવાર્ય છે. જેમાં મુખ્યત્વે હાલ કબ્રસ્તાનની જમીનો અભાવ હોવાના લીધે દફનવિધિનુ કામ પણ મુશ્કેલ બન્યુ છે. કોરોનાની વૈશ્વિક મહામારીમાં ઘણા મુસ્લિમ બિરાદરોનુ પણ મૃત્યુ થયુ છે. જેના લીધે કબ્રસ્તાનમાં મોટા પ્રમાણમાં દફન વિધી થતા જમીન પણ ખુટી પડી છે. જયારે કબ્રસ્તાન માટે હવે નવી જગ્યા ફાળવવી અનિવાર્ય છે. આ માટે મુસ્લિમ સમાજે પણ પ્રબળ માંગણી કરી છે.

# ત્રીજી લહેર માટે આગોતરું આયોજન : ૨૦ સચિવોને જવાબદારી સોંપાઈ

**મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રીએ આ અધિકારીઓ અને કોર કમિટી સાથે સંયુક્ત બેઠક યોજી માર્ગદર્શન આપ્યુ**

ગાંધીનગર, તા. ૧૬

કોવિડ-૧૯ની સંભવિત ત્રીજી લહેરના મક્કમતાથી અને આયોજન બદ્ધ સામના માટે રાજ્ય સરકારના ૨૦ જેટલા વરિષ્ઠ અધિકારીઓને વિવિધ જવાબદારી રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સોંપી છે.

આજે આ સચિવોની નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલી બેઠકમાં સંબોધન કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે આ ત્રીજી લહેરના આગોતરા આયોજનથી રાજ્યમાં ઓછામાં ઓછા લોકો સંક્રમિત થાય, આરોગ્યની વ્યવસ્થા સુદ્રઢ બને અને રાજ્યની હોસ્પિટલોમાં બેડ વગેરેની વ્યવસ્થાઓનું રિઅલ ટાઈમ મોનીટરીંગ થાય તે માટે આ જવાબદારી સોંપવામાં આવી રહી છે. મુખ્યમંત્રીએ આ વરિષ્ઠ સચિવો અને કોર કમિટીની

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં કોરોનાના નવા ૬ કેસ

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે માત્ર ૬ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં બે અને શહેરમાં ચાર કેસ નોંધાયા છે. ૧૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

ગાંધીનગર તાલુકાના મોટા ચિલોડા ગામે બે કેસ નોંધાયા છે જયારે કલોલ-દહેગામ અને માણસામાં આજે એક પણ કેસ ન નોંધાતા તંત્રએ રાહત અનુભવી છે.

ગાંધીનગર શહેરમાં આજે ૪ કેસ નોંધાયા છે. શહેરમાં આજે ધોળાકુવા ગામે બે કેસ તેમજ સે. ૭ અને ઈન્દ્રોડા ગામેથી એક-એક કેસ નોંધાયેલ છે. જિલ્લામાં સંક્રમણ ઘટતાં રિકવરી રેટ ૯૬ ટકાએ પહોંચ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૨૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જ્યારે શહેરમાં ૫૫ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

# સેકટરોની સાથે મુખ્યમાર્ગો આસપાસ મુકાયેલા બોર્ડસ પણ જમીનદોસ્ત થયા




ગાંધીનગર તા ૧૬

શહેરના સેકટરોમાં સાઈન બોર્ડસ અદ્રશ્ય થઈ ગયા છે. સેકટરોનો ચિતાર દર્શાવતા બોર્ડસની ફ્રેમ વચાળેથી બોર્ડસ પણ ચોરી થઈ જતા હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે મુખ્યમાર્ગો આસપાસ સ્થળ દર્શાવતા દીશાસુચક બોર્ડસ પણ તુટીને જમીન દોસ્ત થયા છે. કંગાળ ફુટપાથ પાસે આ પ્રકારના બોર્ડસ તુટીને પડતા રાહદારીઓને પણ હાલાકી વેઠવી પડે છે.

ગાંધીનગરમાં લાખો રૂપિયાના ખર્ચ સેકટરો તેમજ મુખ્યમાર્ગો પર સાઈન બોર્ડસ મુકવામાં આવ્યા છે. જો કે લાંબા સમયથી સાઈન બોર્ડસની દરકાર ન લેવાતા સેકટરોનો ચિતાર દર્શાવતા સાઈન બોર્ડસ ગુમ થઈ ગયા છે. માત્ર ફ્રેમ જ જોવા મળે છે. એટલુ જ નહી પરંતુ શહેરના મુખ્યમાર્ગો આસપાસ સ્થળ નિર્દેશ કરતા બોર્ડસ પણ ઉખડીને જમીનદોસ્ત થઈ ગયા છે. સેકટરોમાં સાઈન બોર્ડસ લગાવવા માટે લાખો રૂપિયાનો ખર્ચ કરાયો હતો. બીજીતરફ હાલ સાઈન બોર્ડસ આમ નાગરિકો માટે ઉપયોગી રહ્યા નથી. મુખ્યમાર્ગો આસપાસ તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં નમી પડેલા અને તુટેલા સાઈન બોર્ડસ આડશ બન્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# સે-૬ માં માટીના ઢગથી ઢંકાયેલો ડામર માર્ગ છેલ્લા એક વર્ષથી બંધ

**કોર્પોરેશને વરસાદી પાણીના નિકાલની લાઇનના ખોદકામ બાદ માર્ગ પર પાથરેલી માટી હજુ દુર કરાઇ નથી : સ્થાનિકોમાં આક્રોશ**




ગાંધીનગર તા ૧૬

શહેરમાં વરસાદી પાણીના નિકાલની લાઈન અન્વયે હાથ ધરાયેલી ખોદકામગીરીના વર્ષના અંતે પણ હજુ માટીના ઢગ યથાવત છે. સેકટરોમાં માર્ગો પર ગાબડા હજુ યોગ્ય રીતે પુરાયા નથી બીજીતરફ સે-૬ માં આખો રસ્તો અદ્રશ્ય થઈ ગયો છે. સે-૬ માં થી સે-૫ માં જવાના માર્ગ પર છેલ્લા એક વર્ષથી માટીના થર જામ્યા છે. જેના લીધે સ્થાનિકો આ માર્ગનો ઉપયોગ કરતા નથી આમછતા કોર્પોરેશનના તંત્રએ આ માર્ગની સફાઈ કરવાની તસ્દી લીધી નથી જેના લીધે સ્થાનિકો પણ આગ બબુલા બન્યા છે.

શહેરમાં માર્ગ સુધારણાની કામગીરી પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. એકબાજુ સેકટરોમાં રોડ નેટવર્કને અપગ્રેડ કરવા માટે તોતિંગ ખર્ચ કરવામાં આવી રહ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

ગજ્જર બેસણું-સુંવાળા



અમારા પૂજ્ય પિતાશ્રી રમણભાઈ બબલદાસ ગજ્જર (જયસ્કેન ગ્રાફીક) તા.૧૧-૦૬-૨૧ને શુક્રવારે અક્ષરનિવાસી થયા છે. વર્તમાન પરિસ્થીતીને ધ્યાનમાં રાખીને સદ્‌ગતનું ટેલીફોનીક બેસણું તથા સુંવાળા તા.૧૭-૦૬-૨૦૨૧ નો ગુરુવાર, સવારના ૮-૩૦ થી ૧૧-૩૦ કલાકે રાખેલ છે.

ભાવેશભાઈ રમણભાઈ ગજ્જર ૯૯૨૫૦૨૧૭૭૫
ગોવિંદભાઈ બબલદાસ ગજ્જર ૯૮૨૫૦૪૩૩૭૫
અ.નિ. ચીમનભાઈ બબલદાસ ગજ્જર
રસિકભાઈ બબલદાસ ગજ્જર ૯૮૨૫૦૨૩૩૭૫
ચંદ્રકાંતભાઈ બબલદાસ ગજ્જર ૯૪૨૬૧૮૧૧૩૫
બીનાબેન ભાવેશભાઈ ગજ્જર
વિશ્વ ભાવેશભાઈ ગજ્જર
હેલી ભાવેશભાઈ ગજ્જર
નિત્ય ભાવેશભાઈ ગજ્જર
દક્ષાબેન જગદીશકુમાર ગજ્જર
મીનાબેન ઘનશ્યામકુમાર ગજ્જર
પલ્લવીબેન પંકજકુમાર ગજ્જર

નિવાસ સ્થાન : ૨૪-બી, શિવસંકલ્પ સોસાયટી, અમીકુંજ ચાર રસ્તા પાસે, નારણપુરા, અમદાવાદ.

સાસરી પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
- પિતામ્બરદાસ હરગોવનદાસ ગજ્જર પરિવાર (વામજ)

ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ. સુનિલભાઇ ગાંધી
(Secretary: GGCIEL)
સ્વ.તા.૩-૬-૨૦૨૧

સારાં કર્મોની સુગંધ સદાય રહેશે,
મીઠી વાણી હંમેશા યાદ રહેશે,
ભલે દેહથી અદ્રશ્ય થઈ ગયા, પરંતુ
આપની યાદ સદાય અમારી સાથે રહેશે.
પરમ કૃપાળુ પરમાત્મા આપના દિવ્ય
આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લી.
સભ્યો, સ્ટાફ
ગુજરાત ગારમેન્ટ કો-ઓપરેટીવ ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ લિમિટેડ
અમદાવાદ-ગાંધીનગર હાઇવે. ગાંધીનગર

૨૦મી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. કાન્તાબેન પુંજાભાઈ પરમાર
સ્વ. તા. ૧૭/૬/૨૦૦૧

આપનો હસમુખ સ્વભાવ, આપના સતકર્મો અને સદ્દગણો તથા આપની સાથેની આત્મીયતા સૌના હૃદયમાં હંમેશા કાયમ રહે, પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

પુંજાભાઈ જેઠાભાઈ પરમાર (પતિ)
મનિષકુમાર, શૈલેષકુમાર, જીતેન્દ્રકુમાર (પુત્રો)
દિપીબેન અમિતકુમાર ચાવડા (દિકરી-જમાઈ)
ઈશાન, મૌલિક, તખસ્વીની (પૌત્ર-પોતી)
પ્રચેત ચાવડા (ભાણેજ)
૧૨, મનિષ સોસાયટી, કુડાસણ, ગાંધીનગર
મો. ૯૯૭૯૪ ૭૧૧૩૫

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેઝીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com